PGVCL | પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ | PGVCL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૨/કવા–૦૩/૧૭–૧૮/ ૯૧૫૦ તા. 23-11-17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
બાબુભાઈ રણછોડભાઈ ગુમાસણા,
ગામ: ખીજડીયા કોટડા
તા. બાબરા
જી: અમરેલી
મો: ૯૯૧૩૦ ૩૮૭૭૪

**વિષય :–થ્રી ફેઇઝ ખેતીવાડી વીજજોડાણ ના અંદાજપત્ર ભરવા માટે મુદત આપવા બાબત**
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૭–૧૦–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૩૨/કવા–૦૩/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, વાસાવડ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૩૨/કવા–૦૩/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૧૫–૧૧–૧૭ સ્થળ : રાજકોટ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: બાબુભાઈ રણછોડભાઈ ગુમાસણા, ગામ: ખીજડીયા કોટડા

રજુઆત કરનાર: અરજદાર શ્રી બાબુભાઈ રણછોડભાઈ ગુમારાણા હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, વાસાવડ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)

રજુઆત કરનાર :વી.જી.મારકણા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી ગોંડલ)

## : હુકમ :

ફરીયાદ : શ્રી ફેઈઝ ખેતીવાડી વીજજોડાણ ના અંદાજપત્ર ભરવા માટે મુદત આપવા બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ તેમના ગામ:ખીજડીયા કોટડા ખાતે સર્વે નંબર: ૮૧ પૈકી ૩ માં વીજ જોડાણ મેળવવા માટે ની માંગણી કરેલ હતી. જે મંજુરીની પ્રક્રીયા હેઠળ આવતા, તેઓને સદર અરજી અન્વયે – પીજીવીસીએલ તરફથી ભાવપત્રક અપાયેલ હતુ. તેઓ ભાવપત્રક ની અંતીમ રકમ – ભાવપત્રક ની અંતીમ તારીખ સુધીમા – આર્થિક પરીસ્થિતી અને સંજોગોવસાત – ભરપાઈ કરી શકેલ ન હતા. તેઓની રોજીરોટી માત્ર ખેતી આધારીત હોય, આમ તેઓએ ભાવપત્રક ની મુદત ની સમયમર્યાદા મા વધારો મેળવવા માટે – અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર જણાવે છે કે – અરજદાર શ્રી બાબુભાઈ રણછોડભાઈ ગુમાસણા દ્વારા તા.૧૮–૦૧–૧૧ ના રોજ ૭.૫ હોપા ના નવા ખેતીવાડી વીજજોડાણ માટે અરજી કરેલ હતી. જેનો અગ્રતાક્રમ આવતા પત્ર નં.૬૨૯૯ તા.૨૯–૦૪–૧૭ ના રોજ ભાવપત્રક અપાયેલ હતુ – જેની ભરપાઈ કરવાની છેલ્લી તા.૨૯–૦૫–૧૭ હતી. ત્યારબાદ અરજદાર દ્વારા સબંધક પીજીવીસીએલ ની કચેરી મા સમયમર્યાદા વધારવા માટે અરજી કરેલ નથી. પરંતુ, ફોરમ કમિટી તરફથી પીજીવીસીએલ પક્ષકાર ને પુછવામા આવેલ કે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદાર ની અરજી રદબાતલ કરાયેલ હોવાની અરજદાર શ્રી ને જાણકારી આપતો પત્ર લખાયેલ છે કે કેમ? તે અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાયેલ કે એવો કોઈ પત્ર અરજદાર શ્રી ને લખાયેલ નથી. તેમજ, પીજીવીસીએલ પક્ષકાર વધુમા જણાવે છે કે પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નં: ૨૧૮૯ મા કરાયેલ જોગવાઈ ના અનુસંધાને – અરજદાર શ્રી ની નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી રદબાતલ કરવાને પાત્ર છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ની જાણકારી મુજબ, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાયેલ કે અરજદાર ની સદર નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી રદબાતલ થયેલ હોય તે મુજબ નો કોઈ પત્ર અરજદાર શ્રી ને લખાયેલ |

| | |
|---|---|
| | નથી.આમ, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ અરજદાર શ્રી ને ભાવપત્રક ની સમયમર્યાદા નિયમાધીન રીતે – એક વર્ષ સુધી ની સમયમર્યાદા વધારી આપવા બાબતે નો પત્ર દિન–૨૦ રજીસ્ટર્ડ ટપાલ મારફત આપવા બાબતે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| | આમ, ઉપરોકત મુદદા નં. ૩.૧ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ફરીયાદી અરજદાર શ્રી ની તા.૧૨–૧૧–૧૬ ના રોજ ની અરજી – જે સવાલવાળા ભાવપત્રક ની અંતીમ તા.૦૩–૧૦–૧૬ પછી ના, વધારાના ૩૦ દિવસ ની જોગવાઈ ને આધિન એવા – " જે પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબર જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ ના " બદલાયેલ પરિસ્થીતી અન્વયે નવીન ખેતીવાડી વીજજોડાણ આપવા માટે ના માર્ગદર્શન " ના મથાળા હેઠળ ના, " મુદદા નં.–(ઠ) " ના પોઈન્ટ નંબર: (૧) મા કરાયેલ જોગવાઈ " જે – અંદાજપત્ર ના નાણા ભરપાઈ કરવાની– એક માસ ની મુદત વિત્યા બાદ– વધુ એક માસ સુધી મુદત વધારાની અરજી – સબડીવીઝન સ્વીકારી શકશે. " – તે મુજબ ની જોગવાઈઓ ને આધીન રહીને જ અરજદાર શ્રી એ, પીજીવીસીએલ ની સબંધક વાસાવડ પેટા વિભાગીય કચેરી મા રજુ કરેલ હોવાની બાબત ફોરમ કમિટી ને જણાયેલ છે. |

**<u>મુદદા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| **<u>૪.૧</u>** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ અરજદાર શ્રી ને ભાવપત્રક ની સમયમર્યાદા નિયમાધીન રીતે – એક વર્ષ સુધી ની સમયમર્યાદા વધારી આપવા બાબતે નો પત્ર દિન–૨૦ રજીસ્ટર્ડ ટપાલ મારફત આપવા બાબતે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" રાખક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.